(XV) Such other information as may be prescribed; and thereafter update these publications every year

શહેર વિસ્તારમાંથી ઉત્પન્ન થતાં મ્યુ.સોલીડ વેસ્ટને વર્ષ ૨૦૦૨ સુધી ભટાર ખાતેની ડીસ્પોઝલ સાઈટ ખાતે ડીસ્પોઝ કરવામાં આવતો હતો. તથા શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગલા એકત્રિત કરી ત્યાંથી લોડર મશીન અને ડમ્પર ટ્રક વડે કચરો ઊંચકીને ડીસ્પોઝલ સાઈટ પર મોકલવાની પ્રથા હતી. જેના કારણોસર રોજેરોજ શહેરમાં કચરા નિકાલ માટે તકલીફ ઉદ્દભવતી હતી. આ તકલીફ નિવારવા માટે શહેરમાં એક ટ્રાન્સફર સ્ટેશન શરૂ કરવામાં આવેલ. જયાં શહેરમાંથી પ્રાથમિક તબકકામાં એકત્રિત થતો કચરો પ્રથમ લાવ્યા બાદ ત્યાંથી તેને ડીસ્પોઝલ સાઈટ પર મોકલવામાં આવે છે. આ પધ્ધતિના અમલીકરણથી શહેરમાંથી ત્વરિત પણે કચરાનો નિકાલ થાય છે. અને આ પધ્ધતિ જાહેર આરોગ્યના હિતમાં હોય આ પ્રકારે શહેરના અન્ય ઝોનમાં પણ ટ્રાન્સફર સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે. હાલમાં ખાતા હસ્તકના ૦૮ ટ્રાન્સફર સ્ટેશનોની વિગત નીચે મુજબ છે.

(૧)કતારગામ સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન, સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની બાજુમાં,ચંદન ગેસ કંપની પાસે, ઋષી આશ્રમની સામે સીંગણપોર રોડ, સુરત.	(૫) આંજણા સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન, મીઠી ખાડી રોડ, આંજણા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કંપાઉન્ડમાં, આંજણા, સુરત.
(૨) વરાછા સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન, બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા.	(૬) ભેસ્તાન સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન, સિધ્ધાર્થ નગર ઝુપડપટ્ટી નહેર પર, ૮૦' રોડ.
(૩) ભટાર સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન, ગોકુલ નગર પાસે હોટ મીક્ષ પ્લાન સામે, ભટાર.	(૭) કોસાડ (અમરોલી) ટ્રાન્સફર સ્ટેશન, રીલાયન્સ ચાર રસ્તા પાસે, અમરોલી – સાયણ રોડ, કોસાડ, સુરત
(૪) પાલ સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન, એલ. પી. સવાણી સ્કુલ પાસે, પાલ.	(૮) ડીંડોલી સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન, ડીંડોલી ચાર રસ્તા, પાણીની ટાંકી પાસે, ડીંડોલી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની બાજુમાં, ડીંડોલી, સુરત

ઉકત પધ્ધતિમાં મ્યુ.સોલીડ વેસ્ટનું અવાર–નવાર હસ્તાંતરણ થતું હોય તેના નિવારણ અર્થે ઉકત પરિશિષ્ટમાં જણાવેલ તમામ ૦૮ ટ્રાન્સફર સ્ટેશનો "મિકેનાઈઝ પધ્ધતિ" થી કાર્યરત થઈ ગયેલ છે. "સેમી કલોઝબોડી ટ્રાન્સફર સ્ટેશન" પધ્ધતિથી નીચે જણાવ્યા મુજબના ફાયદાઓ મેળવી શકાય છે.

- માનવીય સ્તરે ઘન કચરાના વારંવાર થતા વ્યવસ્થાપન અને સંચાલન ઉપર અંકુશ.
- ઘન કચરાના દ્વિતીય તબકકાના પરિવહન દરમ્યાન લીચેટ તથા ગાર્બેજ સ્પીલેજ ઉપર અંકુશ આવવાથી જાહેર સ્વચ્છતાનું ધોરણ ઊંચુ આવશે.
- કચરાના વ્યવસ્થાપન અને સંચાલનને લગતી તમામ કામગીરી બંધ બારણે થવાથી, દુર્ગંધ તથા પર્યાવરણીય પ્રદુષણ ઉપર અંકુશ.
- પ્રાથમિક એકત્રિકરણના વાહનો મારફત લાવવામાં આવતા કચરાનો સેકન્ડરી પરિવહન કરતાં વાહનમાં સીધો નિકાલ કરવાથી ટ્રાન્સફર સ્ટેશન ખાતે હંગામી કે કાયમી ધોરણે ઘન કચરો જમા રહેવાની શકયતા નહિવત્ રહેશે.
- ટ્રાન્સફર સ્ટેશન ખાતે મિકેનાઈઝ મટીરીયલ રીકવરી ફેસીલીટી પ્રસ્થાતિ કરી સુકા કચરાનું સેગ્રીગશન કરવામાં આવે છે, જેથી ફાઈનલ ડીસ્પોઝલ ખાતે કચરાનું ભારણમાં ઘટાડો કરી શકાયેલ છે.